# ૭મો

# વાર્ષિક અહેવાલ

# ૨૦૦૯-૧૦

## ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

આઈએસઓ ૯૦૦૧-૨૦૦૦ પ્રમાણિત કંપની

(ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડની સંપૂર્ણ માલિકીની ગૌણ કંપની)




**પ્રથમ દષ્ટિએ ......**
**ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ**
**(નવેમ્બર-૨૦૧૦)**

| | |
|---|---|
| કુલ વિસ્તાર (ચો.કિ.મી.) | ૪૯.૯૫૦ |
| આવરી લેવાયેલ જીલ્લાઓ | ૬+ 3 (Partly) |
| શહેરોની સંખ્યા | ૪૩ |
| ગામડાંઓની સંખ્યા | ૪,૬૨૮ |
| વસ્તી (૨૦૦૧ સેન્સસ્) | ૯૨,૬૩,૯૧૧ |
| કુલ વર્તુળ કચેરીઓ | ૪ |
| કુલ વિભાગીય કચેરીઓ | ૨૧ |
| કુલ પેટા–વિભાગીય કચેરીઓ | ૧૧૮+૫ (REC) |
| કુલ સબ–સ્ટેશનો | ૩૦૧ |
| કુલ ટ્રાન્સફોર્મર કેન્દ્રો | ૧,૨૨,૧૪૩ |
| કુલ ફિડરો | ૩,૩૯૮ |
| કુલ HT લાઈન (કિ.મી.) | ૭૨,૪૦૪ |
| કુલ LT લાઈન (કિ.મી.) | ૬૨,૮૫૦ |
| ક્ષ્ઝ /HT ગુણોત્તર | ૦.૮૬ |
| કુલ કર્મચારીઓની સંખ્યા | ૭,૨૪૮ |

## યુજીવીસીએલની સિધ્ધિઓ :

- વીજ વિતરણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી બદલ ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૦૫–૨૦૦૬ માટેનો રાષ્ટ્રીય એવોર્ડ મેળવનાર કંપની
- સાબરમતી વર્તુળ કચેરી ખાતે આવેલ હાઈટેક મીટર ટેસ્ટીંગ લેબોરેટરીને નેશનલ એક્રેડીટેશન બોર્ડ ફોર ટેસ્ટીંગ અને કેલીબ્રેશન લેબોરેટરીઝ (NABL) દ્વારા ISO/IEC ૧૭૦૨૫–૨૦૦૫ સ્ટાન્ડર્ડ એનાયત
- ઈન્સ્ટીટ્યુટ ઓફ કોસ્ટ એન્ડ વર્કસ્ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા (ICWAI) દ્વારા 'એક્સેલન્સ ઈન કોસ્ટ મેનેજમેન્ટ ૨૦૦૭' નો રાષ્ટ્રીય એવોર્ડ.
- કંપની 'વીજ વિતરણ કામગીરીમાં વહીવટ અને શ્રેષ્ઠત્તમ કામગીરી' માટે ISO ૯૦૦૧:૨૦૦૦ સ્ટાન્ડર્ડ દ્વારા પ્રમાણિત
- IEEMA પાવર એવોર્ડ ૨૦૦૮ દ્વારા 'ગ્રામીણ વિદ્યુતિકરણમાં શ્રેષ્ઠત્તમ કામગીરી' માં પ્રથમ ઈનામ મેળવનાર કંપની
- ખેતી ક્ષેત્રે સર્વાંગી ઉપયોગી કામગીરી માટે દ્વિતીય ઈન્ડિયા પાવર એવોર્ડસ્ ૨૦૦૯ મેળવનાર કંપની
- જ્યોતિગ્રામ યોજનાના સંપૂર્ણ અમલીકરણ દ્વારા રાષ્ટ્રને રાહ ચીંધનાર જાહેરક્ષેત્રની પ્રથમ વીજ વિતરણ કંપની
- 'સ્પેશિયલ ડીઝાઈન ટ્રાન્સફોર્મર' માટેની પાયોનીયર કંપની

# સાતમો
# વાર્ષિક અહેવાલ
# વર્ષ ૨૦૦૯-૧૦

## અનુક્રમણિકા


| | પાન નંબર |
|---|---|
| બોર્ડ ઓફ ડિરેક્ટર્સ | ૨-૨ |
| નોટીસ | ૩-૩ |
| ડિરેક્ટરોનો અહેવાલ | ૪-૧૪ |
| ઓડિટરોનો અહેવાલ | ૧૫-૧૫ |
| સીએન્ડએજીની ટીપ્પણીઓ | ૧૬-૧૯ |
| સરવૈયું | ૨૦-૨૦ |
| નફા અને નુક્સાન ખાતુ | ૨૧-૨૧ |
| રોકડ પ્રવાહ પત્રક | ૨૨-૨૩ |
| સરવૈયાના પરિશિષ્ટો | ૨૪-૩૨ |
| નફા અને નુક્સાન ખાતાના પરિશિષ્ટો | ૩૨-૪૦ |
| હિસાબી નીતિઓ અને હિસાબો પરની નોંધો | ૪૧-૫૩ |
| સરવૈયાનો સારાંશ | ૫૪-૫૪ |


UGVCL

## ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસઃ
વિસનગર રોડ, મહેસાણા- ૩૮૪૦૦૧

### બોર્ડના નિયામકો

| | |
|---|---|
| શ્રી ગુરૂપ્રસાદ મહાપાત્રા, આઇએએસ | અધ્યક્ષ |
| શ્રી એલ. ચુઆન્ગો, આઇએએસ | નિયામક |
| શ્રી એચ.પી. દેસાઇ | નિયામક |
| ડૉ. એમ.કે. ઐયર | નિયામક (૪ ઓગષ્ટ, ૨૦૧૦ સુધી) |
| શ્રી કે.પી. પટેલ | નિયામક |
| પ્રો. અજય પાંડે | નિયામક |
| પ્રો.(ડૉ) બી.એ. પ્રજાપતિ | નિયામક |
| શ્રી કે.એમ. શ્રીંગારપુરે | નિયામક |
| શ્રી મુનિન્દ્ર એ. ભટ્ટ | નિયામક |
| શ્રી એ.કે. વર્મા, આઇએફએસ | વહીવટી નિયામક |

### કંપની સચિવ

શ્રી નિતિનકુમાર એમ. જોષી, એફસીએસ

### વરિષ્ઠ અધિકારીઓ

| | |
|---|---|
| શ્રી પી.જે. પટેલ | મુખ્ય ઇજનેર (સંચાલન) |
| શ્રી આર.જી. એન્જિનિયર | મુખ્ય ઇજનેર (યોજના અને આયોજન) |
| શ્રી આર.બી. કોઠારી | મહાપ્રબંધક (નાણાં) |
| શ્રી સી.એલ. શર્મા | વિશેષ મુખ્ય ઇજનેર (તકેદારી) |
| શ્રી એ.સી. પટેલ | વિશેષ મુખ્ય ઇજનેર (યોજના અને આયોજન) |
| શ્રી એસ.એમ. શાહદાદપુરી | વિશેષ મુખ્ય ઇજનેર (બાંધકામ અને માહિતી પ્રૌદ્યોગિકી) |
| શ્રી ડી.એસ. દોશી | વિશેષ મુખ્ય ઇજનેર (ટી એન્ડ સી) |
| શ્રી ડી.એમ. તિવારી | ઇન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક (એચ.આર) |

### ઓડિટર્સ

મે. પી. સીઘવી એન્ડ એસોસિએટ્સ
ચાર્ટર્ડ એકાઉન્ટ્ન્ટસ,
ગાંધીનગર

### બેંકર્સ

સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા
બેંક ઓફ બરોડા
દેના બેંક
યુનિયન બેંક ઓફ ઇન્ડિયા

### રજીસ્ટર્ડ અને કોર્પોરેટ કાર્યાલય

વિસનગર રોડ,
મહેસાણા-૩૮૪૦૦૧ ઉત્તર ગુજરાત
દૂરભાષ: (૦૨૭૬૨) ૨૨૨૦૮૦-૮૧
ફેક્સ: ૨૨૩૫૭૪
વેબસાઇટ : **www.ugvcl.com**

# નોટિસ

આથી સૂચના જારી કરવામાં આવે છે કે ઉત્તર ગુજરાત વીજ કંપનીના સભાસદશ્રીઓની સાતમી વાર્ષિક સાધારણ સભા સોમવાર, તા. ૬ઠ્ઠી ડિસેમ્બર, ૨૦૧૦ ના બપોરના ૧૨.૦૦ કલાકે કંપનીની વિસનગર રોડ, મહેસાણા- ૩૮૪ ૦૦૧ (ઉત્તર ગુજરાત) સ્થિત રજીસ્ટર્ડ કચેરી ખાતે નીચે દર્શાવેલ કામકાજ અંગે મળશે :

**સામાન્ય કામકાજ**

૧. તા. ૩૧મી માર્ચ, ૨૦૧૦ ના રોજનું ઓડિટ કરેલ સરવૈયું અને તે તારીખે પૂરા થતા વર્ષ માટેનું નફા-નુકસાન ખાતું અને તેને સંલગ્ન પરિશિષ્ટો અને નોંધો અને તે ઉપરના બોર્ડના નિયામકો તેમજ ઓડિટર્સના તથા કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઑફ ઇન્ડિયાની ટિપ્પણીઓ સહિતના અહેવાલો મેળવવા, તેના ઉપર વિચારણા કરવી અને તેને સ્વીકૃતિ આપવી.

૨. ક્રમાનુસાર નિવૃત થતા અને પુનઃનિમણુંક મેળવવા હકકદાર શ્રી એચ.પી. દેસાઇના સ્થાને નિયામકની નિયુકિત કરવી.

૩. ક્રમાનુસાર નિવૃત થતા અને પુનઃનિમણુંક મેળવવા હકકદાર શ્રી કે.પી. પટેલના સ્થાને નિયામકની નિયુકિત કરવી.

૪. ક્રમાનુસાર નિવૃત થતા અને પુનઃનિમણુંક મેળવવા હકકદાર શ્રી કે.એમ. શ્રીંગારપુરેના સ્થાને નિયામકની નિયુકિત કરવી.

૫. કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઑફ ઇન્ડિયા, નવી દિલ્હી (સી એન્ડ એજી) ધ્વારા નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ માટે કંપનીના હિસાબોની ચકાસણી કરવા માટે નિયુકત કરવામાં આવેલા અધિકૃત ઓડિટરનું વેતન નકકી કરવું.

બોર્ડના આદેશથી

**નિતીનકુમાર એમ. જોષી, એફસીએસ**
**કંપની સચિવ**

તારીખ : ૨૨ નવેમ્બર, ૨૦૧૦
સ્થળ : મહેસાણા

**નોંધઃ**

૧. સભામાં હાજર રહેવા તથા મત આપવાની પાત્રતા ધરાવતા સભ્ય પોતાને બદલે સભામાં હાજર રહી મત આપવા માટે પોતાના પ્રતિનિધિની નિમણુંક કરવાને પાત્ર છે અને આ પ્રતિનિધિ કંપનીના સભ્ય હોવા જરૂરી નથી. પ્રતિનિધિની નિમણુંક અસરકારક બનાવવા માટે, સભા શરૂ થયાના ૪૮ કલાકથી વધુ નહી તેટલા સમયમાં, પ્રતિનિધિત્વ કંપનીની રજીસ્ટર્ડ કચેરીએ મળવા જોઇએ.

૨. કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઑફ ઇન્ડિયા, નવી દિલ્હી (સી એન્ડ એજી) ધ્વારા નિયુકત કરવામાં આવેલ વર્તમાન અધિકૃત ઓડિટર મે. પી. સીંઘવી એન્ડ એસોસિએટ્સ, ચાર્ટડ એકાઉન્ટન્ટસ, ગાંધીનગર સાતમી વાર્ષિક સાધારણ સભાને અંતે નિવૃત થશે. સી એન્ડ એજીએ તા. ૩૧મી માર્ચ, ૨૦૧૧ ના રોજ પૂરા થતા વર્ષ માટે કંપનીના હિસાબોની ચકાસણી કરવા માટે તેઓની અધિકૃત ઓડિટર તરીકે કરી છે.

## નિયામકોનો અહેવાલ

પ્રતિ,

**ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના સભાસદો જોગ**

આપના નિયામકો તા. ૩૧મી માર્ચ, ૨૦૧૦ ના રોજ પૂરા થતા નાણાંકીય વર્ષ માટેના ઓડિટ કરેલા હિસાબો સાથે કંપનીનો સાતમો વાર્ષિક અહેવાલ રજૂ કરતાં આનંદ અનુભવે છે.

**નાણાંકીય લાક્ષણિકતાઓ**

કંપનીના સંક્ષિપ્ત નાણાંકીય પરિણામો નીચે મુજબ આપવામાં આવેલાં છે.

**(₹ લાખમાં)**

| **વિગતો** | **૨૦૦૯-૧૦** | ૨૦૦૮-૦૯ |
|---|---|---|
| કુલ આવક | ૪,૨૬,૭૦૦ | ૩,૩૬,૧૭૯ |
| ઘસારા અગાઉનો કુલ નફો, વ્યાજ અને કર | ૨૨,૭૫૧ | ૧૮,૦૮૪ |
| ઘસારો | ૧૦,૧૪૩ | ૮,૯૨૭ |
| વ્યાજ અને નાણાંકીય ખર્ચ | ૧૧,૮૫૯ | ૮,૯૭૨ |
| કર અગાઉનો નફો | ૭૪૯ | ૧૮૫ |
| કર અંગે જોગવાઇ (વિલંબિત કર અને ભથ્થાકીય કરની જોગવાઇ સહિત) | ૧૫૪ | ૯૯ |
| કર બાદનો નફો | ૫૯૫ | ૮૬ |
| અગાઉના વર્ષનો નફો આગળ લાવ્યા | ૧,૯૫૯ | ૧,૮૭૩ |
| વપરાશ માટે ઉપલબ્ધ ચોખ્ખો નફો | ૨,૫૫૪ | ૧,૯૫૯ |

**ડિવિડન્ડ**

કંપનીનાં સ્ત્રોતના સરંક્ષણ અને વ્યવસ્થાતંત્રની સુધારણાના ભાગ રૂપે, આપના નિયામકો વર્ષ માટે કોઇ જ ડિવિડન્ડ ચુકવવાની ભલામણ કરતા નથી.

**સિધ્ધિઓ**

વર્ષ દરમિયાન, આપની કંપનીને ઇન્સ્ટિટયૂટ ઓફ કોસ્ટ એન્ડ વર્કસ એકાઉન્ટ્ન્ટસ ઓફ ઇન્ડિયા (આઇસીડબલ્યુએઆઇ)કોલકત્તા ધ્વારા જાહેર સેવા ક્ષેત્રની શ્રેણી અંર્તગત ખર્ચ વ્યવસ્થાપનમાં શ્રેષ્ઠતા-૨૦૦૯ માટે "સારી કાર્યસિધ્ધિ એવોર્ડ" આપવામાં આવ્યો હતો. કંપનીને વીજ કાર્યસાધકતા, સરંક્ષણ અને ડીએસએમ માટે નવી દિલ્હી સ્થિત કાઉન્સિલ ઓફ પાવર યુટિલીટીઝ્ ધ્વારા ત્રીજો "ઇન્ડિયા પાવર એવોર્ડ્ઝ ૨૦૧૦" એનાયત કરવામાં આવ્યો.

**વર્ષ દરમિયાન કામગીરીઓ**

સમીક્ષા હેઠળના વર્ષ દરમિયાન, આર્થિક સહાય સહિત તથા અન્ય આવક સહિતની વીજ વેચાણની આવક ₹ ૪,૫૫,૦૫૧ લાખ (અગાઉના વર્ષે ₹ ૪,૨૬,૭૦૦ લાખ)હતી. કંપનીએ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ (જીયુવીએનએલ)પાસેથી ૧૫,૬૪૭ મિ.એકમ વીજ ખરીદી (અગાઉના વર્ષે ૧૩,૫૨૫ મિ.એકમ)કરી હતી અને તમામ પ્રકારની ગ્રાહક શ્રેણીને ૧૨,૨૧૩ મિ.એકમ (અગાઉના વર્ષે ૧૦,૯૧૦ મિ. એકમ) વીજ વેચાણ કર્યું હતું. કંપનીની સમગ્રતયા વીજ વહન અને વિતરણ ખાધ ૩,૪૩૪ મે.વો જેટલી (અગાઉના વર્ષે ૨,૬૧૫ મે.વો)૨૧.૯૫% (અગાઉના વર્ષે ૧૯.૩૩%)નોંધવામાં આવી છે. નબળા ચોમાસા તથા લાંબાગાળાની દુષ્કાળજન્ય સ્થિતિને કારણે, જુલાઇ, ઓગષ્ટ અને સપ્ટેમ્બર, ૨૦૦૯ દરમિયાન ખેતીવાડીના ગ્રાહકોને તેઓનો પાક બચાવવા સારું આઠ કલાકથી વધુ સમય માટે વીજ પુરવઠો પૂરો પાડવામાં આવતો હતો.

હોર્સપાવર આધારિત વીજદર માળખા સહિતના ખેતીવાડી ગ્રાહકોના કિસ્સામાં વધારાના કલાકો માટે પૂરા પાડવામાં આવેલા વીજ પુરવઠા માટે કોઇ કાર્યપધ્ધતિ નહિ હોવાને કારણે વિતરણ ખાધમાં નજીવો વધારો થયો હતો, જે આઠ કલાક વીજ પુરવઠાના પ્રમાણ અનુસાર ૧૩.૬૯% જેટલી થાય છે.

સમીક્ષા હેઠળનું વર્ષ કાર્યાન્વિકરણનું પાંચમું વર્ષ છે અને આપની કંપનીએ તેના લક્ષ્યાંકો હાંસલ કરવા સારું હંમેશાં પ્રયાસો કર્યા છે. કામગીરી સંબંધી કેટલાક નિદર્શનરૂપ અંશો નીચે મુજબ છે-

- કુલ ૨,૨૨૫ ગ્રામ્ય ફીડરોને ખેતી-પ્રભાવક ફીડર તરીકે જાહેર કરવામાં આવ્યાં.(અગાઉના વર્ષે ૨,૧૮૩)
- અગાઉના વર્ષના ટ્રાન્સફૉર્મરની નિષ્ફળતાના દરમાં ૧૦.૭% થી ઘટાડો થઇ ૯.૧૧% જેટલો થયો.
- વર્ષ દરમિયાન વીજચોરી તથા વીજળીના અન્ય દુરુપયોગ અટકાવવા માટે સતત પ્રયાસો સહિત તકેદારીની પ્રવૃતિ હાથ ધરવામાં આવી.
    - ચકાસવામાં આવેલ વીજ સ્થાપનો - ૮,૭૯,૭૮૦ (અગાઉના વર્ષે ૬,૪૧,૯૮૫)
    - શોધી કાઢવામાં આવેલ વીજ સ્થાપનો - ૧૩,૩૪૪ (અગાઉના વર્ષે ૧૪,૭૦૧)
    - આકારવામાં આવેલ રકમ - ₹ ૧,૬૭૯ (અગાઉના વર્ષે ₹ ૨,૪૩૭.૪૫)લાખ
- ઉત્સાહજનક પ્રયાસો વડે, પાછળની ઉધાર બાકી રકમ ૧૭.૭૮% જેટલી (અગાઉના વર્ષે ૧૯.૨૮%)નીચી રહેવા પામી, જે ગુજરાત ઉર્જા વિકાસ નિગમની તમામ વિતરણ કંપનીઓમાં સૌથી લઘુત્તમ છે.
- પ્રણાલીમાં સારી સુધારણા માટે અને અતિભારિત ફીડરો પરથી ગુણવત્તાયુકત વીજ પુરવઠો પૂરો પાડવા માટે, ૧૭૧ ફીડરો (અગાઉના વર્ષે ૨૦૮)નું દ્વિભાજન કરવામાં આવ્યું અને વર્ષ દરમિયાન તેની વિદ્યુતઘટ શકિત વધારવામાં આવી.
- કુલ ૧,૮૭૭ જેટલાં ભારે વીજ દબાણનાં જોડાણો પર સ્વયંસંચાલિત મીટર વાંચન (એએમઆર)નું સ્થાપન કરવામાં આવ્યું. આ કારણે માનવ-કલાકો તેમ જ સંપૂર્ણ બીલીંગ સહિત મીટર વાંચન પ્રક્રિયામાં સમયની નોંધપાત્ર બચત સાથે ગ્રાહક વીજ વપરાશની માહિતીના અભ્યાસ તકેદારી નીરિક્ષણમાં મદદ મળે છે.
- તકનીકી ખાધમાં ઘટાડા માટે, શહેરી, જીઆઇડીસી અને જયોતિગ્રામ ફીડર્સ પર ૨,૪૯૪ (અગાઉના વર્ષે ૧,૯૩૦)જેટલાં વિલક્ષણ ટ્રાન્સફૉર્મર બેસાડવામાં આવ્યાં.
- સામગ્રી ચકાસણી, પગારપત્રક અને એચઆરએમએસ ઘટકોના ૧૦૦% વપરાશ ધ્વારા ઇ-ઉર્જા યોજનાનું (સંપૂર્ણ ઇઆરપી નિરાકરણ)કરવામાં આવ્યું, જયારે સીઆરએમ ઘટકનો વપરાશ ૯૦% કરતાં વધુ થયો છે. સપ્ટેમ્બર, ૨૦૧૦ માં સાબરમતી અને હિંમતનગર વર્તુળ કચેરીઓમાં એલટી બીલીંગનો આરંભ કરવામાં આવ્યો.
- **ભૌગોલિક માહિતી પ્રણાલી (જીઆઇએસ)**

    ગ્રાહક આલેખનની કામગીરી, જીઆઇએસ આલેખન તથા નેટવર્કના વિશ્લેષણ સહિત અસ્કયામતની સંહિતા બનાવાના કામ માટે ભૌગોલિક માહિતી પ્રણાલી (જીઆઇએસ)યોજના કંપનીમાં દાખલ કરવામાં આવી. સૈધ્ધાંતિક ખાધની ગણતરી તથા વીજ વિશ્લેષણ માટે નેટવર્ક વિશ્લેષક સાધન એમ-આઇ પાવર સાથે આ જીઆઇએસ પ્રણાલી જોડવામાં આવેલી છે. ટ્રબલ કૉલ વ્યવસ્થાપન ઘટકને જીઆઇએસ સાથે જોડવામાં આવેલ છે અને વધુમાં આ પ્રણાલીને સ્કાડા/ડીએએસ અને એલટી/એચટી બીલીંગ કામગીરી સાથે જોડી શકાય છે.

    ૭,૬૮,૭૫૫ જેટલા ગ્રાહકોનો સમાવેશ કરતા ૧૦૫૨ જેટલા ફીડરોની માહિતીને પણ આ પ્રણાલીમાં આવરી લેવામાં આવેલ છે. અંતિમ વપરાશકારો માટે સઘન તાલીમ સત્રનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જો કે, તેને હજુ કાર્યાન્વિત કરવાનું હજુ બાકી છે. વધુમાં, આર-એપીડીઆરપીના વિભાગ-અ અંર્તગત, જીઆઇએસ સોફટવેરને ઇઆરપી સાથે જોડવામાં આવશે. વિરમગામમાં જીઆઇએસની મોજણી હાથ ધરવામાં આવી છે અને તે ઇડર, મોડાસા અને રાધનપુરમાં પ્રગતિમાં છે.
- ૮૩,૨૭૬ જેટલાં ફાર્મહાઉસનાં (અગાઉના વર્ષે ૬૫,૪૯૭)વીજ જોડાણોને હિતકર્તા એવાં ખેતીવાડી ફીડરો પર કુલ ૧,૯૨૨ (અગાઉના વર્ષે ૧,૫૫૮) જેટલાં વિશેષ સંરચના ધરાવતાં ટ્રાન્સફૉર્મર (એસડીટી)પૂરાં પાડવામાં આવ્યાં છે.

- **કામગીરીની પ્રગતિ-નવાં વીજ જોડાણોઃ**
  - નવાં એચટી વીજ જોડાણ - ૧૮૩ (અગાઉના વર્ષે ૧૫૯)
  - એચટી જોડાણમાં વીજભારમાં વધારો - ૧૨૬ (અગાઉના વર્ષે ૧૫૦)
  - એલટી ઔદ્યોગિક - ૨,૮૮૪ (અગાઉના વર્ષે ૨,૯૬૬)
  - ઘરગથ્થુ - ૬૬,૩૮૯ (અગાઉના વર્ષે ૭૨,૩૮૯)
  - વારિગૃહો - ૩૩૯ (અગાઉના વર્ષે ૫૪૦)
  - **નિમ્ન યોજના અંતર્ગત ખેતીવાડી જોડાણ**
    - એસપીએ કૂવા (સામાન્ય યોજના) - ૨,૦૨૧ (અગાઉના વર્ષે ૧,૯૫૨)
    - ટીએએસપી - ૩,૨૫૮ (અગાઉના વર્ષે ૨,૪૨૯)
    - તત્કાળ યોજના - ૦ (અગાઉના વર્ષે ૦)
  - પેટાપરાનું વીજળીકરણ - ૦ (અગાઉના વર્ષે ૧૦)
  - એસસીએસપી (ઘરગથ્થુ) - ૪,૬૪૩ (અગાઉના વર્ષે ૫,૦૪૩)
  - આરજીજીવીવાય (નવાં જોડાણ) - ૪૭,૯૦૫ (અગાઉના વર્ષે ૨,૫૫૬)
  - ઝૂંપડપટ્ટી જોડાણો - ૩૨૯૧૩ (અગાઉના વર્ષે ૯૫૯૮૨)
  - **વધારવામાં આવેલ સિસ્ટમ નેટવર્ક**
    - એચટી લાઇન - ૨,૮૬૩ કિ.મી (અગાઉના વર્ષે ૧,૭૬૫ કિ.મી)
    - એલટી લાઇન - ૨,૩૦૮ કિમી (અગાઉના વર્ષે ૧,૦૭૦ કિમી)
    - ટ્રાન્સફોર્મર કેન્દ્ર - ૪,૯૧૮ (અગાઉના વર્ષે ૫,૯૩૫)

**આરએમયુ સહિતનું ભૂમિગત કેબલીંગ**

સાતત્યપૂર્ણ અને ભરોસાપાત્ર વીજ પુરવઠો ઉપલબ્ધ બનાવીને ગ્રાહકના તુષ્ટિકરણ તથા વિસ્તારના કુદરતી ચિત્રાણને સુસંગત, બોપલ અને ઘુમા વિસ્તારમાં ભૂમિગત કેબલીગની કામગીરી સફળતાપૂર્વક કાર્યાન્વિત કરવામાં આવી અને આંબલી અને અમદાવાદ નજીકના થલતેજ-બોડકદેવ તેમ જ યાત્રાસ્થળ અંબાજી ખાતે ભૂમિગત કેબલ પ્રણાલીના સ્થાપનનું કામ પ્રગતિમાં છે. કંપનીએ અમદાવાદ શહેર નજીકના અડાલજ, ઇન્ફો સીટી અને સાયન્સ સીટી વિસ્તારમાં ભૂમિગત કેબલીગ પ્રણાલીના સ્થાપનની યોજના બનાવી છે.

**ફીડરનું દ્વિભાજન**

ખેતીવાડી ફીડરો પર વીજ પુરવઠાની ગુણવત્તા સુધારવા માટે ૨૦૦ જેટલાં (અગાઉના વર્ષે ૨૦૦)નબળું લો વોલ્ટેજ નિયમન ધરાવતા અતિભારિત ફીડરોના દ્વિભાજનની યોજના બનાવવામાં આવી છે.

**સરકારી યોજનાઓ**

કંપનીએ તમામ વીજકરણ કામગીરી અંગેની સરકાર-પુરસ્કૃત યોજનાઓ જેવી કે આરજીજીવીવાય (છ જિલ્લાઓમાં), ઝૂંપડપટ્ટી, કુટિર-જયોતિ, ટીએએસપી કૂવાઓ, ટીએએસપી-પેટાપરાંઓ, પ્રાથમિક અવસ્થાના આદિજાતિ ગૃહોનાં વીજકરણ, પ્રાથમિક શાળાઓ તથા આંગણવાડી, આદિજાતિ ખેતીવાડી વીજ જોડાણ માટેની લઘુ સિંચાઇ પ્રણાલી (એમઆઇએસ)અંગેના લક્ષ્યાંકો હાંસલ કર્યા છે.

**આર-એપીડીઆરપી**

ભારત સરકારે ૧૧મી પંચવર્ષિય યોજના દરમિયાન, કેન્દ્રિય ક્ષેત્રાની યોજના તરીકે, પુર્નગઠિત ત્વરિત વીજ વિકાસ અને નવનિર્માણ કાર્યક્રમ (આર-

એપીડીઆરપી) ના અમલીકરણ માટે એક યોજના પ્રસ્તુત કરી છે. ઉર્જા મંત્રાલયના માર્ગદર્શન હેઠળ, સદર કાર્યક્રમને ક્રિયાશીલ બનાવવા માટે પાવર ફાયનાન્સ કોર્પોરેશન લિમિટેડ (પીએફસી)મધ્યવર્તી સંસ્થા તરીકે કામગીરી કરશે. આર-એપીડીઆરપી અંતર્ગત, કંપનીને વિભાગ-અ હેઠળની, જેમાં ચોકક્સ મૂળભૂત માહિતીના સાતત્યપૂર્ણ એકત્રીકરણ માટે ભરોસાપાત્ર અને સ્વયંસંચાલિત પ્રણાલીના સ્થાપન તથા માહિતીની સ્વીકૃતિ, વીજ હિસાબીકરણ વગેરેના ક્ષેત્રમાં પ્રૌદ્યોગિકીનો સમાવેશ થાય છે તેવી ૨૦ યોજનાઓ માટે (₹ ૩૬.૭૦ કરોડના કુલ યોજનાકીય ખર્ચ સામે) ₹ ૩૨.૯૭ કરોડનું ધિરાણ મંજૂર કરવામાં આવ્યું છે. આવશ્યક પ્રણાલીના સ્થાપન તથા તેની ઉર્જા મંત્રાલય ધ્વારા નિયુકત સ્વતંત્ર સંસ્થા ધ્વારા ખરાઇ કર્યા બાદ, વ્યાજ સહિતના ધિરાણનું અનુદાનમાં રૂપાંતર કરવામાં આવશે. ઓકટોબર, ૨૦૧૦ માં કંપનીએ આર-એપીડીઆરપી અંર્તગત વિભાગ-અ હેઠળ ૩૩.૮૩ કરોડની રકમ માટે અમદાવાદની આજુબાજુના વિસ્તારો માટે પ્રણાલીની ભરોસાપાત્રતા સારું સ્કાડા વિસ્તૃત યોજનાકીય અહેવાલ પણ રજૂ કર્યો છે.

આર-એપીડીઆરપીના વિભાગ-બ હેઠળ કંપનીને પાવર ફાયનાન્સ કોર્પોરેશન લિમિટેડ ધ્વારા બાવળા, દહેગામ, કલોલ, રાધનપુર, સાણંદ અને વિરમગામનો સમાવેશ થાય છે તેવી છ યોજનાઓ માટે ₹ ૬.૧૫ કરોડનું (કુલ યોજનાકીય ખર્ચ ૨૪.૬૨ કરોડ સામે)ધિરાણ મંજૂર કરવામાં આવ્યું છે. ઉકત હેતુસર, યોજનાઓના અમલીકરણ માટે સપ્ટેમ્બર, ૨૦૧૦ માં મેમોરન્ડમ ઓફ એગ્રીમેન્ટ, ગીરોખત તથા અન્ય દસ્તાવેજોનું અમલીકરણ કરવામાં આવ્યું છે.

**વીજ વ્યવસ્થાપન કેન્દ્રની સ્થાપના**

માહિતી પ્રૌદ્યોગિકી સહિતની વીજ વિતરણ પ્રવૃતિ ધ્વારા કામગીરી સુધારવાના હેતુસર, કંપનીએ ગાંધીનગર ખાતે વીજ વ્યવસ્થાપન કેન્દ્રની સ્થાપનાઃકરી છે. વીજ વ્યવસ્થાપન કેન્દ્રની મહત્વની કામગીરીઓમાં ફીડર પરનાં મીટરની માહિતીનું એકત્રીકરણ, ભારે વીજ દબાણ ધરાવતા ગ્રાહકોના મીટર રીડીગનાં વાંચન માટેની સ્વયંસંચાલિત દૂરવર્તી મીટર વાંચન પ્રણાલી, વીજ ઓડિટ, વીજ વિતરણ માળખાની જીઆઇએસ (ભૌગોલિક માહિતી પ્રણાલી), માળખાકીય વિશ્લેષણ અને સુધારણા, ગ્રાહક નિયમન અને ખાધ હિસાબી પ્રણાલી વગેરેનો સમાવેશ થાય છે.

વર્ષ દરમિયાન વીજ વ્યવસ્થાપન કેન્દ્ર ધ્વારા કરવામાં આવેલ વિશ્લેષણના આધારે હયાત ખેતીવાડી ગ્રાહકો તેઓના કરારિત વીજભાર કરતાં વધુ વીજ વપરાશ કરતા હોવાનું શોધી કાઢવામાં આવ્યું હતું. વધુ વીજભાર વપરાશની મોજણી કરવા માટેના એકશન પ્લાનનો આરંભ કરવામાં આવેલ અને કરારિત વીજભારમાં અંદાજે ૪.૩૬ લાખ હોર્સપાવર જેટલા વીજભારનો ઉમેરો કરવામાં આવેલ, જેના કારણે આવકમાં વાર્ષિક ₹ ૩૫ કરોડનો વધારો થયેલ.

**આંતરરાજય ઉપલબ્ધતા આધારિત વીજદર માળખું**

ગ્રીડની શિસ્ત તથા શ્રેષ્ઠ વાણિજિયક કામગીરી જાળવવાના હેતુસર સફળ વાસ્તવિક-સમયલક્ષી કામગીરી માટે ક્ષેત્રીય વીજ રવાનગી કેન્દ્ર (એએલડીસી)પ્રયાસો કરી રહેલ છે. ૧૬ ખેતીવાડી સમુહોનું ૫૯ સમુહોમાં પુનઃજૂથ વિભાજન કરીને વીજભાર વળાંકને લગભગ સપાટ બનાવવામાં આવેલ છે. આરંભમાં, ખેતીવાડી સમુદાય પ્રત્યેક ૧૫૦ મે.વો કરતાં વધુ વીજભાર ધરાવતો હતો. પુનઃજૂથ વિભાજન થકી, આ સમૂહોને પ્રત્યેકને ૫૦ થી ૬૦ મે.વો વીજભાર સહિતના બનાવાયા. પરિણામસ્વરૂપ, મહત્તમ અને લઘુત્તમ વીજ ઉપાડ વચ્ચેનો તફાવત ૮૫૦ મે.વો થી ઘટીને ૩૫૦ મે.વો થયો. ગુજરાત વીજ નિયમન પંચના માર્ગદર્શન અનુસાર, ગ્રીડ શિસ્ત જાળવવા, ૫ મી એપ્રિલ, ૨૦૧૦ ના રોજથી આંર્તરાજય ઉપલબ્ધતા આધારિત વીજદર માળખાનો અમલ કરવામાં આવ્યો. સમયપત્રકમાં સમાવિષ્ટ નહિ તેવા વીજ-વિનિમયમાંથી (યુઆઇ)મહત્તમ લાભ હાંસલ કરવા સારું એએલડીસી ઉચ્ચ આવર્તન દરમિયાન વધુ વીજ ઉપાડ જયારે નિમ્ન આવર્તન દરમિયાન ઓછો વીજ ઉપાડ કરે છે. આમ, યોગ્ય વાસ્તવિક સમયલક્ષી કામગીરી દરમિયાન, કંપનીએ આંર્તરાજય ઉપલબ્ધતા આધારિત વીજદર માળખાનો અમલ કર્યાના પ્રથમ ઓગણીસ અઠવાડિયામાં (એટલે કે ૧૫મી ઓગષ્ટ, ૨૦૧૦ સુધી)યુઆઇ કિંમત તરીકે ₹ ૧૧૮.૨૮ કરોડ મેળવ્યા છે.

**વીજ વહન અને વિતરણ ખાધ ઘટાડાની યોજના**

કંપનીએ ખેતીલક્ષી અને બિનખેતીલક્ષી ફીડર કે જેના પર વીજખાધ ૩૦% કરતાં વધુ હોય તેવાં ફીડરોમાં વીજ વહન અને વિતરણ ખાધમાં ઘટાડા માટેની કુલ ₹ ૧૮૦ કરોડની યોજનાકીય ખર્ચ ધરાવતી યોજનાનું અમલીકરણ કર્યું છે. યોજનાને ઇરડા ધ્વારા ઝીણવટપૂર્વક ચકાસવામાં આવી છે.

**ગ્રાહક સેવાઓ**

જિલ્લાના વડા મથકો તથા મહત્વનાં શહેરોમાં સંપૂર્ણ કૉમ્પ્યુટર સંચાલિત ગ્રાહક સંભાળ કેન્દ્રોનું સ્થાપન કરવામાં આવ્યું છે.

- સારી ગ્રાહકલક્ષી સેવાઓ માટે
- ઘટના પર નિયંત્રણ રાખીને, ક્ષતિશોધન તેમ જ નિવારણ સમયમાં ઘટાડો કરવો;
- વીજળી બંધ રહેવા અંગેની માહિતીના વિશ્લેષણ અને નેટવર્કની ભરોસાપાત્રતાની ગણતરી કરવા થકી સેવાકીય કામગીરીમાં સુધારણા લાવવી.

કેન્દ્રિયકૃત ફરિયાદ નોંધણી પ્રણાલીને આર-એપીડીઆરપી યોજના અંર્તગત ઇઆરપી પ્રણાલી તથા જીઆઇએસ પ્રણાલી સાથે જોડાણ કરીને કાર્યાન્વિત કરવાની યોજના કરવામાં આવી છે. ગ્રાહકોને શ્રેષ્ઠ સેવાઓ પુરી પાડવાના ભાગરૂપ, તમામ કચેરીઓ ખાતે નિવારણ કાર્યપધ્ધતિ, એસઓપી, આરટીઆઇ, સીજીઆરએફ સેવાઓ અંગેની માહિતી નિર્દશન જેવી અન્ય વિવિધ કામગીરીઓનું અમલીકરણ થઇ રહયું છે.

ગ્રામ્ય વિસ્તારના ગ્રાહકો ધ્વારા વીજબીલ ચુકવણીની સારી સવલત આપવાના ઉદ્દેશથી, કંપનીએ કાર્યક્ષેત્રના તાબા હેઠળ આવતાં નાનાં ગામડાંઓમાં ૩,૨૮૫ જેટલા ઇ-ગ્રામ એકત્રીકરણ કેન્દ્રોની ફાળવણી કરી છે. સમીક્ષા હેઠળના વર્ષ દરમિયાન, ₹ ૧૪ કરોડ (અંદાજે)એકત્ર કરવામાં આવ્યા છે અને વર્તમાન નાણાંકીય વર્ષ (ઓકટોબર, ૨૦૧૦ સુધીમાં)દરમિયાન ₹ ૭૪ કરોડ (અંદાજે)એકત્રિત કરવામાં આવ્યા છે.

**ગ્રાહક તકરાર નિવારણ મંચ**

કંપનીએ વીજધારા, ૨૦૦૩ અને તે અંતર્ગત નિર્દિષ્ટ નિયમ હેઠળ આદેશિત ગ્રાહક તકરાર નિવારણ મંચની સ્થાપના કરી છે. વર્ષ દરમિયાન, ૬૪ (અગાઉના વર્ષે ૫૦)જેટલા કિસ્સાઓની કાળજી લેવામાં આવી છે. પેટા-વિભાગીય તથા વર્તુળ કચેરી સ્તરે તકરાર નિવારણ કાર્યપધ્ધતિ કાર્યાન્વિત કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

**વીજ દર માળખું**

ગુજરાત વીજ નિયમન પંચ (જીઇઆરસી)રાજયમાં વીજ ઉદ્યોગની કામગીરી પર નિયંત્રણ રાખનાર સત્તાધીશ છે અને તેને વિવિધ કામગીરીઓની સાથે સાથે વીજળીના અંતિમ વપરાશકારો માટે છૂટક વીજ માળખાકીય દર નિર્ધારિત કરવા સહિતની કામગીરી સોંપવામાં આવી છે.

વીજધારા, ૨૦૦૩ ની કલમ-૬૨ અને જીઇઆરસીના સુસંગત નિયમનો હેઠળ, કંપનીએ જર્ક સમક્ષ તા. ૩૧મી જુલાઇ, ૨૦૦૮ ના રોજ, એકત્રિત આવક આવશ્યકતા (એઆરઆર)અને વર્ષ ૨૦૦૮-૦૯ થી ૨૦૧૦-૧૧ માટે વીજદર માળખાની તર્કસંગતતાની બહાલી માટે વિવિધ વર્ષ માટેનું વીજદર માળખું (એમવાયટી)યાચિકા ક્રમાંક ૯૪૫/૨૦૦૮ દાખલ કરી હતી. જર્કે તા. ૧૭મી જાન્યુઆરી, ૨૦૦૯ ના રોજ પોતાનો ચુકાદો જારી કર્યો હતો અને નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯ માટે તા. ૧લી ફેબ્રુઆરી, ૨૦૦૯ ની અસરથી અમલવર્તી છૂટક વીજ માળખાકીય દર નિર્ધારિત કર્યા હતા.

કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯ ની વાર્ષિક કામગીરી સમીક્ષા (એઆરઆર)અને જર્ક (એમવાયટી માળખા)નિયમન ૨૦૦૭ તેમ જ સુસંગત માર્ગદર્શિકા અનુસાર, વીજધારા, ૨૦૦૩ ના (કલમ-૬૧ થી ૬૪)ના વિભાગ-૭ હેઠળ, નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ માટે વીજદર માળખું નકકી કરવા માટે તા. ૨૫મી ઓગષ્ટ, ૨૦૦૯ ના રોજ યાચિકા ક્રમાંક ૯૭૭/૨૦૦૯ દાખલ કરી હતી. તા. ૨૯ અને ૩૦મી ઓકટોબર, ૨૦૦૯ ના રોજ યોજવામાં આવેલ જાહેર સુનાવણી બાદ, વીજદરમાં કોઇ જ વધારો કર્યા સિવાય, જીઇઆરસીએ તા. ૧૪ મી ડિસેમ્બર, ૨૦૦૯ ના રોજ પોતાનો ચુકાદો જારી કર્યો હતો.

કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ ની વાર્ષિક કામગીરી સમીક્ષા (એઆરઆર)તથા જર્ક (એમવાયટી માળખા)નિયમન ૨૦૦૭ અંર્તગત તથા સુસંગત માર્ગદર્શિકા અનુસાર, વીજધારા, ૨૦૦૩ ની (કલમ-૬૧ થી ૬૪)ના વિભાગ-૭ હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ વીજદર માળખું નિર્ધારિત કરવા માટે ૨૩મી ડિસેમ્બર, ૨૦૦૯ ના રોજ યાચિકા ક્રમાંક ૯૯૨/૨૦૦૯ દાખલ કરી હતી. તા. ૨૫/૨૬મી ફેબ્રુઆરી અને તા. ૩ માર્ચ, ૨૦૧૦ ના રોજ યોજવામાં આવેલ જાહેર સુનાવણી બાદ, જીઇઆરસીએ તા. ૩૧મી માર્ચ, ૨૦૧૦ ના રોજ પોતાનો ચુકાદો જારી કરીને તા. ૧લી એપ્રિલ, ૨૦૧૦ ની અસરથી છુટક વીજદર નિર્ધારિત કર્યા હતા. થોડા વીજદરના વિલીનકરણ થકી વીજદર માળખાને તર્કસંગત બનાવવામાં આવ્યું છે.

**ઓડિટર્સઃ**

નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ માટે કંપનીના અધિકૃત ઓડિટર તરીકે મે. પી. સીઘવી એન્ડ એસોસિએટ્સ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ, ગાંધીનગરની

નિમણુંક કરવામાં આવી હતી. નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ માટે કંપનીના હિસાબોની અધિકૃત ચકાસણી કરવા માટે, નવી દિલ્હી સ્થિત કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈંડિયા (સીએન્ડએજી)એ કંપનીના અધિકૃત ઓડિટર્સ તરીકે તેઓની નિમણુંક કરી છે. કંપનીધારા, ૧૯૫૬ ની કલમ-૨૨૪ની જોગવાઇઓ અંતર્ગત, કંપની ધ્વારા સાધારણ સભામાં તેઓનું વેતન નકકી કરવાનું છે.

**ઓડિટરનો અહેવાલ**

ઓડિટરના અહેવાલમાં નિર્દેશ કરવામાં આવેલ હિસાબો અંગેની નોંધ સ્વયં-સ્પષ્ટ છે અને તેથી વધારાની ટિપ્પણીની કોઇ જ આવશ્યકતા નથી.

કંપનીધારા, ૧૯૫૬ની કલમ-૬૧૯ (૪)મુજબની કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઇન્ડિયાની ટિપ્પણીઓ/અહેવાલનું બીડાણ કરવામાં આવ્યું છે.

**કોસ્ટ ઓડિટર**

ખર્ચ વિષયક હિસાબી નોંધવહીઓ (વીજ ઉદ્યોગ)નિયમો, ૨૦૦૧ હેઠળ કંપની ધ્વારા રાખવામાં આવતી વીજ ઉદ્યોગ વિષયક હિસાબી ખર્ચ અંગેની નોંધવહીઓ અને હિસાબી ચોપડાઓની ચકાસણી માટે કોસ્ટ ઓડિટરની નિમણુંક કરવા માટે, ભારત સરકારના નાણાં મંત્રાલયે કંપનીધારા, ૧૯૫૬ની કલમ-૨૩૩-બી અંતર્ગત ખર્ચ ચકાસણી આદેશ જારી કર્યો છે. આમ, બોર્ડના નિયામકોએ અમદાવાદ સ્થિત મે. આશિષ એસ. ભાવસાર એન્ડ કું. ને નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ માટે કોસ્ટ ઓડિટર તરીકે નિયુકત કર્યા છે, જેને વીજ ઉદ્યોગ સંબંધી ઉત્પાદન અંગેના હિસાબોની ચકાસણી કરવા સારું કેન્દ્ર સરકારે મંજૂરી આપી છે.

**શેર ભંડોળ**

કંપનીએ ઇકિવટી શેર મૂડી તરીકે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ પાસેથી મળેલ (પાકા સરવૈયામાં શેર અરજીનાં નાણાં તરીકે નિર્દિષ્ટ કરેલ) ₹ ૩૦૦૦.૦૦ લાખના એકત્રિત મૂલ્યના ₹ ૧૦/- પ્રતિ શેર ના ૩૦૦૦૦૦૦૦ ઇકિવટી શેરની જીયુવીએનએલને સમાન મૂલ્યે હકકના ધોરણે ફાળવણી કરી છે. ઉકત ફાળવણી બાદ, કંપનીની શેરમૂડી હવે વધીને ₹ ૨,૩૭,૧૪,૮૭,૨૨૦/- થઇ છે.

**નિયામકો**

તા. ૨૩મી ડિસેમ્બર, ૨૦૦૯ ના રોજ યોજાએલ છેલ્લી (છઠ્ઠી)વાર્ષિક સાધારણ સભા બાદ, નિયામકો વચ્ચેનાં ફેરફારની વિગતો નીચે મુજબ છે:

- ગુજરાત સરકારના તા. ૨જી ઓગષ્ટ, ૨૦૧૦ ના જાહેરનામા ક્રમાંક જીએચયુ/૨૦૧૦/૧૧૩/જીઆરસી/૧૩-૨૦૦૯/૬૧૪૯૨૦-કે ધ્વારા ગુજરાત વીજ નિયમન પંચના સભ્ય તરીકે નિયુકિત મેળવ્યા બાદ, ડૉ. એમ.કે. ઐયરે નિયામક મંડળમાંથી તા. ૪થી ઓગષ્ટ, ૨૦૧૦ની અસરથી રાજીનામું આપ્યું છે..

ડૉ. ઐયરે કંપનીના નિયામક તરીકે તેઓના કાર્યકાળ દરમિયાન આપેલ બહુમૂલ્ય સેવાઓ બદલ બોર્ડ તેઓની કદર કરતાં આ બાબતની નોંધ લે છે.

આગામી સાતમી વાર્ષિક સાધારણ સભામાં શ્રી એચ.પી. દેસાઇ, શ્રી કે.પી. પટેલ અને શ્રી કે.એમ. શ્રીંગારપુરે ક્રમાનુસાર નિવૃત થનાર છે અને પુનઃનિમણુંક મેળવવા હકકદાર છે.

**નિયામકોની જવાબદારી અંગેનું નિવેદન**

કંપનીધારા, ૧૯૫૬ની કલમ-૨૧૭ (૨-અઅ)ની જોગવાઇઓને સુસંગત, નિયામકો નીચેની બાબતોને બહાલી આપતાં જણાવે છે:

(૧) વાર્ષિક હિસાબો તૈયાર કરવામાં લાગુ પડતા હિસાબી ધોરણો અનુસરવામાં આવ્યાં છે તેમ જ જો સામગ્રીની કોઇ જાવક હોય તો તે અંગે યોગ્ય ખુલાસો આપવામાં આવ્યો છે.

(૨) હિસાબી નીતિઓ પસંદ કરીને સાતત્યપૂર્ણ રીતે લાગુ કરવામાં આવી છે તેમ જ તા. ૩૧મી માર્ચ ૨૦૧૦ ના રોજ કંપનીની સ્થિતિ તે જ તારીખ પૂરા થતા વર્ષ માટે કંપનીના નફા અંગેની સાચી અને વ્યાજબી જાણકારી આપવાના આશયથી, તાર્કિક અને વ્યવહારૂ ગણાય એવા નિર્ણયો અને અંદાજો આપવામાં આવ્યા છે;

(૩) કંપનીધારા, ૧૯૫૬ની જોગવાઇઓને સુસંગત અસ્કયામતોની સુરક્ષા માટે તેમ જ છેતરપિંડી અને અન્ય અનિયમિતતાઓ અટકાવવા માટે પર્યાપ્ય હિસાબી નોંધો રાખવા માટે યોગ્ય તથા પર્યાપ્ત કાળજી લેવામાં આવી છે; અને

(૪) સંસ્થા ચાલુ એકમ છે એ આધારે વાર્ષિક હિસાબો તૈયાર કરવામાં આવ્યા છે.

**ઓડિટ કમિટી**

કંપનીધારા, ૧૯૫૬ ની કલમ-૨૯૨-એ ને સુસંગત, કંપનીએ નીચેના નિયામકોના સમાવેશ સહિતની હાલની ઓડિટ કમિટીની રચના કરી છે.

૧. પ્રો. અજય પાંડે - અધ્યક્ષ

૨. પ્રો. (ડૉ)બી.એ. પ્રજાપતિ - સભ્ય

૩. શ્રી કે.એમ. શ્રીંગારપુરે - સભ્ય

૪. શ્રી મુનિન્દ્ર એ. ભટ્ટ - સભ્ય

વહીવટી નિયામક વિશેષ આમંત્રિત તરીકે સમાવિષ્ટ છે.

**પ્રગટીકરણ**

**(અ) કર્મચારીઓની વિગતો:**

કંપનીધારા, ૧૯૫૬ની કલમ-૨૧૭ (૨-અ)ની જોગવાઇઓને સુધારા સહિતના કંપનીના (કર્મચારીઓની વિગતો) નિયમો, ૧૯૭૫ સાથે વંચાણે લેતાં, વર્ષ દરમિયાન, સદર જોગવાઇઓ અંતર્ગત મુકરર કરવામાં આવેલ પગાર ધોરણથી વધારે પગાર મેળવતો કોઇ જ કર્મચારી નહોતો.

**(બ) વીજ સરંક્ષણ અને પ્રૌદ્યોગિકી સ્વીકૃતિ:**

કંપનીધારા, ૧૯૫૬ની કલમ-૨૧૭ (૧)(ઇ)ને કંપની (બોર્ડના નિયામકોના અહેવાલમાં વિગતોના પ્રગટીકરણ)નિયમો, ૧૯૮૮ ની આવશ્કતા અનુસાર, વીજ સરંક્ષણ, પ્રૌદ્યોગિકી સ્વીકૃતિ વિષયક માહિતી આ અહેવાલના પરિશિષ્ટ-૧ માં આપવામાં આવી છે જે આ અહેવાલનો હિસ્સો છે.

**(ક) વિદેશી હુંડિયામણ આવક અને જાવક:**

સમીક્ષા હેઠળના વર્ષ દરમિયાન, વિદેશી હુંડિયામણની કોઇ જ આવક કે જાવક થઇ નહોતી.

**ઋણસ્વીકાર**

આપના નિયામકો તમામ સ્તરના કર્મચારીઓ ધ્વારા સમજદારી દાખવવા તથા મદદરૂપ થવા ધ્વારા આપવામાં આવેલા સહયોગનો કૃતજ્ઞતાપૂર્વક સ્વીકાર કરે છે. તમામ કર્મચારીઓની શ્રેષ્ઠ વ્યાવસાયિકતા, સમર્પણ અને પહેલવૃતિના કારણે સંસ્થાના થયેલા વિકાસ અને સંભવિત બનેલ સફળતા તથા તેની પ્રગતિનાં સોપાન સર કરવા તેઓએ ચાલુ રાખેલ ઝૂંબેશ બદલ નિયામકો ઊંડા આભારની લાગણી વ્યકત કરે છે. ભારત સરકાર (ઉર્જા મંત્રાલય સહિત), ગુજરાત સરકાર (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રાલય સહિત), ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ (ધારક કંપની), ગુજરાત વીજ નિયમન પંચ, જેડા, નાણાંકીય સંસ્થાઓ, બેંકો, ગ્રાહકો, વિતરકો તથા અન્ય વ્યાપારી સહયોગીઓ તરફથી સતત સાંપડેલ સહાય, સહકાર અને પ્રોત્સાહન બદલ નિયામકો તેઓની કૃતજ્ઞતાપૂર્વક નોંધ લે છે. આપના નિયામકો કંપનીના ગ્રાહકો, વ્યાપારીઓ, બેંકો, ભારતમાં આવેલ નિયમન કરનાર તથા સરકારી સત્તાધીશો અને શેરધારકો તરફથી સાંપડેલા સહકાર અને મદદ બદલ પણ તેઓના આભારી છે. કંપની કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઇન્ડિયા, આંતરિક, અધિકૃત અને કોસ્ટ ઓડિટરનો તેમજ પરામર્શકો/સલાહકારોનો પણ તેઓનાં સૂચનો અને સહકાર બદલ આભાર માને છે.

બોર્ડ વતી

સહી/-

**ગુરૂપ્રસાદ મહાપાત્ર, આઇએએસ**
**અધ્યક્ષ**

તારીખ: ૧૮મી નવેમ્બર, ૨૦૧૦
સ્થળ: ગાંધીનગર

## નિયામકોના અહેવાલનું જોડાણ

**કંપની (બોર્ડના નિયામકોના અહેવાલમાં પ્રગટીકરણ) નિયમો, ૧૯૮૮ અંતર્ગત આવશ્યક વિગતો**

**અ. વીજ સરંક્ષણ:**

**(અ) વીજ સંરક્ષણ અંગે લેવાયેલ પગલાં**

- વધુ વીજ ખાધ કરતાં ફીડરોની જાણકારી મેળવવામાં આવી છે, તકનીકી ખાધ ઘટાડવા માટે પેટા-વિભાગીય કચેરીના સ્તર સુધી સઘન નિયંત્રણ રાખવામાં આવી રહયું છે તેમ જ વધારે ખાધ બતાવતાં નબળા વિસ્તારોની જાણકારી મેળવવા, પ્રણાલીઓ પર સારા નિયમન માટે ટ્રાન્સફૉર્મર કેન્દ્રો પર મીટર પૂરાં પાડવામાં આવ્યાં છે.
- વીજ રેષા અને સાધનોની નિયમિત અને નિયતકાલીન મરામત.
- લોક-જાગૃતિ માટે વીજબીલોની સાથે વીજ બચતના પગલાંઓનો નિર્દેશ કરતી પત્રિકાઓ આપવામાં આવે છે. વર્ષ દરમિયાન, તમામ વર્ગના કર્મચારીઓની સહભાગિતા સાથેનો વીજ સરંક્ષણ અંગેનો પરિસંવાદ પણ યોજવામાં આવ્યો હતો.
- કંપનીએ પોતાની કચેરીના પરિસર તથા રહેણાંક વસાહત માટે, વીજ બચત માટે ૩,૨૪૫ જેટલા સીએફએલ તથા ૧,૨૮૩ જેટલા વીજળીક સમતુલકો ખરીદ્યાં છે તથા તેઓનું સ્થાપન કર્યું છે.
- તકનીકી ખાધમાં ઘટાડો કરવા માટે ૨,૪૯૪ (અગાઉના વર્ષે ૧,૯૩૦) જેટલાં વિલક્ષણ ટ્રાન્સફૉર્મર શહેરી, ઔદ્યોગિક અને જયોતિગ્રામ ફીડરો પર મૂકવામાં આવ્યાં છે. આ પ્રકારનાં બીજાં કેટલાંક વધુ ઉપકરણો ખરીદીની પ્રક્રિયામાં છે.

**(બ) વીજ વપરાશમાં ઘટાડા માટે અમલીકરણ હેઠળનું જો કોઇ વધારાનું રોકાણ કે દરખાસ્ત હોય તો**

- શૂન્ય
- વીજ સંરક્ષણ માટે ગ્રાહકોમાં સામુદાયિક જાગૃતિ

અંબાજીના ભાદરવી પૂનમના મેળા દરમિયાન સતલાસણા, દાંતા અને ખેડબ્રહ્મા ખાતે વીજ સંરક્ષણ અંગે માહિતી, સલામતીનાં પગલાં તથા લઘુ ટપક સિંચાઇ પધ્ધતિ અંગે જાણકારીની ઝૂંબેશના ભાગરૂપે સ્ટોલ મૂકવામાં આવ્યા હતા તથા ૨૮ નવેમ્બર, ૨૦૦૯ થી ૨ ડિસેમ્બર, ૨૦૦૯ દરમિયાન ઊંઝા ખાતે યોજાએલ ઊમિયા મહોત્સવ દરમિયાન પણ ઉકત હેતુ માટે સ્ટોલ મૂકવામાં આવેલ. પ્રચાર ઝૂંબેશ અંર્તગત, વીજ બચત સંદેશા/સૂત્રો વગેરેનો સમાવેશ કરતા ચોપાનિયાં, પોસ્ટર્સ, બેનર્સ, ટેલિવીઝન, કેબલ નેટવર્ક તથા રેડિયો પર ટૂંકી ફિલ્મના પ્રસારણ, અખબારમાં જાહેરાત, જાહેરાતાનાં પાટિયાં પર “વીજ બચત સપ્તાહ” દરમિયાન પ્રસારિત કરવામાં આવેલ.

“ર્વણિમ ગુજરાત મહોત્સવ” અંર્તગત, ઓગષ્ટ, ૨૦૧૦ ને “ઉર્જા શકિત માસ- ઓગષ્ટ ૨૦૧૦” તરીકે ઊજવવામાં આવેલ, જે હેઠળ કંપની ધ્વારા કર્મચારીઓ તથા જાહેર જનતાની વિશાળ સહભાગિતા સાથે વીજ બચત અંગે જાગૃતિ કેળવવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ.

**(ક) હાલના ખેતીવાડી પમ્પ સેટના સ્થાને ઉર્જા કાર્યસાધક પમ્પનું સ્થાપન:**

- ખેતીલક્ષી વીજ માંગમાં ઘટાડો કરવા માટે, ખેડૂતોના હાલના નબળી કાર્યક્ષમતા ધરાવતા પમ્પ સેટના સ્થાને ઉર્જા કાર્યસાધક પમ્પ સેટ બેસાડવાની પ્રાયોગિક યોજનાનો અમલ ગુજરાત સરકારની સહભાગિતામાં કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન,

યુજીવીસએલના કાર્યક્ષેત્રમાં આવતા ઉત્તર ગુજરાતના નવ જિલ્લાઓમાં આ યોજનાનું સફળતાપૂર્વક અમલીકરણ થઇ રહયું છે તથા વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન પણ તે અમલી રહેશે. ઉકત યોજનાનો ધ્યેય ૧૦-૧૫% વીજ બચત હાંસલ કરવાનો છે. યોજનાનો અમલ ત્રિપક્ષીય ધોરણે થાય છે અને યોજનાકીય ખર્ચ રાજય સરકાર, યુજીવીસીએલ અને યોજનાનો લાભ મેળવવા માગતા ભારે વીજદબાણ ધરાવતા ખેતીવાડી વીજ ગ્રાહકો ધ્વારા સમાન ધોરણે વહેંચવામાં આવશે.

- સમીક્ષા હેઠળના વર્ષ દરમિયાન, કુલ ૧૨૯૨૯ જેટલા ઉર્જા કાર્યસાધક પમ્પનું સ્થાપન કરવામાં આવ્યું હતું અને કુલ ૧,૦૩,૦૭૧ હોર્સપાવરની બચત કરવામાં આવી હતી, તથા ૧૫.૬૯% હોર્સપાવરની બચત થાય છે. પ્રતિ એકમ ₹ ૩.૦૦ ની કિંમત ગણતાં, ₹ ૫૨.૫૬ કરોડના મૂલ્યના વાર્ષિક ૧૭૫.૨૦ મિલિયન એકમની બચત થઇ હતી. તમામ ઉર્જા કાર્યસાધક પમ્પનો કુલ સ્થાપના ખર્ચ ₹ ૧૧૦.૭૧ કરોડ થયો હતો તથા તેના પર આપવામાં આવેલી ૨/૩ આર્થિક સહાયની રકમ ₹ ૭૫.૧૪ કરોડ થાય છે, જે યુજીવીસીએલ તથા ગુજરાત સરકાર ધ્વારા સરખા ભાગે વહેંચવામાં આવી છે.

**(ડ) <u>વીજ વપરાશ ઘટાડા માટે ઉપર્યુકત (અ), (બ)તથા (ક)ઉપાયોની અસર તથા ઉત્પાદનના ઉત્પાદકીય ખર્ચ પરની તેની પરિણામસ્વરૂપ અસર</u>**

- કેડબલ્યુએચ તથા અધિકતમ માંગમાં બચાવ. વહન અને વિતરણ ખાધમાં ઘટાડો.

**બ. પ્રૌદ્યોગિકી સ્વીકૃતિ**

ફૉર્મ-બ મુજબ, પ્રૌદ્યોગિકી સ્વીકૃતિ માટે પ્રયાસ કરવામાં આવ્યા છે.

## ફોર્મ-બ

(પ્રૌદ્યોગિકી સ્વીકૃતિ બાબતે વિગતોનું પ્રગટીકરણ)

૧. સંશોધન અને વિકાસ (આરએન્ડડી)

વર્ષ દરમિયાન, પ્લાનિંગ અને પ્રોજેકટ વિભાગ હેઠળ, સંશોધન અને વિકાસ વિભાગે પોતાની કામગીરીનો આરંભ કર્યો છે. સંશોધન તથા વિકાસનાં સ્થાનિક સ્ત્રોત મારફતે કેટલીક કામગીરીઓ કરવામાં આવી છે, જેના થકી કામગીરીમાં સુધારો થયો છે.

**૧. કંપની ધ્વારા સંશોધન અને વિકાસ કરવામાં આવ્યો હોય તેવા ચોકકસ ક્ષેત્રો**

- ભારે વીજ દબાણ ધરાવતા વીજ ગ્રાહકો માટે પ્રતિ માસની પહેલી તારીખના ૦૦.૦૦ કલાકથી એએમઆર એમડીની પુનઃગોઠવણી કરવામાં આવી.
- પાલનપુર ખાતે અર્ધ-સ્વયંસંચાલિત મીટર ચકાસણી બેન્ચ કાર્યાન્વિત કરવામાં આવી તથા કલોલ ખાતે તે સ્થાપના હેઠળના તબકકામાં છે.
- ટ્રાન્સફોર્મર ખાધ માપન માટે ચારે વર્તુળ કચેરીઓ માટે વીજ વિશ્લેષકોની ખરીદી કરવામાં આવી રહી છે.
- કંપનીના તમામ ચારે વર્તુળ કચેરીઓ માટે કેબલ તથા કંડકટર માપનનાં સાધનોની દરખાસ્ત કરવામાં આવી છે. સાબરમતી વર્તુળ કચેરી હેઠળની નારોલ આરએસઓ ખાતે તેના સ્થાપનની કામગીરી પૂરી કરવામાં આવી છે.
- તકનીકી અને વાણિજિયક ખાધમાં ઘટાડા માટે ૫ કેવીએ ક્ષમતાના સીંગલ ફેઇઝ ટ્રાન્સફોર્મરનો ખ્યાલ પ્રસ્તુત કરવામાં આવ્યો છે.

**૨. ઉપર્યુકત સંશોધન અને વિકાસને કારણે મળેલ ફાયદો**

- ભારે વીજદબાણ ધરાવતા ગ્રાહકોના કિસ્સામાં, એમડી રીસેટ તારીખના પુર્નગઠિત કરવા ધ્વારા (એએમઆર સહિત), ચોકકસ ફીડરોના ચોકકસ એટી અને સી ખાધની ગણત્રી કરવાનું હવે શકય બન્યું છે. તેથી, જે ફીડરો પર એટી અને સી ખાધ વધુ હોય તેવાં ફીડરો પર વધારે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આ બાબતના કારણે, જીઆઇડીસી/ઔદ્યોગિક/શહેરી/જયોતિગ્રામ ફીડરોની એટી અને સી ખાધ ઘટાડવામાં મદદ મળશે.
- કલોલ અને પાલનપુર ખાતે નવી મીટર ચકાસણી બેન્ચ પૂરી પાડવા થકી, મીટરોને ૦.૨ કલાક ચોકકસાઇ સાથે ચકાસવાની વાત શકય બનશે. આના કારણે વહન અને વિતરણ ખાધ ઘટવામાં મદદ મળશે અને કંપની સેન્ટ્રલ ઇલેકટ્રીસિટી ઓથોરિટીના નિયમોની પૂર્તિ કરવા સક્ષમ બનશે.
- વહન અને વિતરણ ખાધમાં ટ્રાન્સફોર્મરની વીજ ખાધ મહત્વની ભૂમિકા ભજવતી નથી. વીજ વિશ્લેષકની મદદ વડે, ગુણવત્તાયુકત ખરીદી માટે ડીટીસીના કોઇ જ વીજ ખાધ નથી એવું પરિમાણ હવે શકય બન્યું છે.
- ખરીદી સામે વિતરકો ધ્વારા કંડકટર અને કેબલના અલ્પ વીજ પુરવઠાની નુકસાની અટકાવવા. ચારે વર્તુળ કચેરીઓ માટે પરિમાણ-માપક ઉપકરણોની દરખાસ્ત કરવામાં આવે છે.
- એલવીડી પર ૫ કેવીએના સીંગલ ફેઇઝ ટી/સી ધ્વારા એચવીડીએસના ફાયદાઓ
  - મહત્તમ મૂડી રોકાણે વીજ રેષા ખાધમાં ઘટાડો.
  - વૉલ્ટેજ વિનિપાતમાં ઘટાડો.
  - ડીટીસીની નિષ્ફળતામાં ઘટાડો.
  - વીજ ચોરીમાં અટકાવ.
  - વીજ પુરવઠાની ભરોસાપાત્રતામાં સુધારણા.

**૩. ભાવિ પગલાંની યોજના**

- સીઇએ નિયમનોની પૂર્તિ કરવા અને આઇસી-૧૭૦૨૫-૨૦૦૦ ઓળખપત્ર મેળવવા મહેસાણા સ્થિત પ્રયોગશાળાને ૦.૨ શ્રેણીની ચોકકસાઇ માટે અદ્યતન બનાવવાની યોજના કરવામાં આવી છે.

- કોઇ જ વિતરણ ખાધ નહિ તેવી સ્થિતિનું નિર્માણ કરવા સારું ઉચ્ચ કક્ષાની સીઆરજીઓ સામગ્રીના વપરાશ ધ્વારા ટ્રાન્સફૉર્મરની સંરચના ૩-તારક અને ૪-તારકમાં બદલવી.
- કેબલ અને કંડકટર માપન ઉપકરણો વિભાગીય કચેરીના સ્ટોરમાં પૂરાં પાડવામાં આવશે.
- એક અંબાજી ખાતે તથા બીજી અંબાજી, અમદાવાદના થલતેજ અને બોડકદેવ વિસ્તારોમાં અમલીકરણ કરવાની બે પરિયોજનાઓ માટેની કામગીરીના ઓર્ડર પ્રક્રિયામાં છે. ત્રણ અન્ય પરિયોજનાઓ-અડાલજ, ઇન્ફોસિટી-ગાંધીનગર અને કેસરસાલ-સાયન્સ સિટીમાં મંજૂર કરવામાં આવી છે.

**૪. <u>સંશોધન અને વિકાસ માટે ખર્ચ:</u>**

- એચટી ગ્રાહકો માટે એએમઆર એમડી રીસેટ તારીખના પુર્નગઠન અંગેના સંશોધન તથા વિકાસ માટે ₹ ૯ લાખનો ખર્ચ થયો છે.
- અર્ધ-સ્વયંસંચાલિત બેન્ચ માટે ₹ ૨૦ લાખનો ખર્ચ થયો છે.
- વીજ વિશ્લેષકોની ખરીદી માટે ₹ ૩ લાખનોખર્ચ થયો છે.
- માપન ઉપકરણોની ખરીદી માટે ₹ ૧૬ લાખનો ખર્ચ થયો છે.
- સીગલ ફેઇઝ ટ્રાન્સફૉર્મરની ખરીદી માટે ₹ ૫૦ લાખનો ખર્ચ થયો છે.

**૨. <u>પ્રૌદ્યોગિકી સ્વીકૃતિ, અનુકુલન અને નવીનીકરણ</u>**

**૧. <u>પ્રૌદ્યોગિકી સ્વીકૃતિ, અનુકુલન અને નવીનીકરણ માટેના સંક્ષિપ્ત પ્રયાસો:</u>**

- તમામ એચટી ગ્રાહકો માટે એએમઆર પ્રણાલીના સ્થાને પુર્નગઠિત એમડી રીસેટ તારીખો.
- વાણિજિયક ખાધના વિસ્તારો સુનિશ્ચિત કરવા માટે વેબ આધારિત ગ્રાહક નિયમન કાર્યક્રમનો આરંભ.
- વેબ આધારિત કૉમ્પ્યુટર સંચાલિત ફરિયાદ વ્યવસ્થાપન સવલત.
- બીલ એકત્રીકરણ કામગીરી માટે કુલ ૭ જેટલાં કોઇપણ સમયે ચુકવણી યંત્રોનું સ્થાપન તથા કંપનીના અધિકારક્ષેત્ર હેઠળના ગ્રામ્ય વિસ્તારના ૩૨૮૫ ગામડાંઓમાં ઇ-ગ્રામ યોજના અંતર્ગત આવક એકત્રીકરણની કામગીરી પૂર્ણ થઇ છે.

**૨. <u>ઉપર્યુકત સંશોધન અને વિકાસને કારણે મળેલ ફાયદો:</u>**

- મીટરીગ અંગેનાં સુધારાત્મક પગલાંઓ, બીલીગ પ્રક્રિયામાં સુધારણા અને ઓન-લાઇન નિયંત્રણ થકી વીજભાર સંબંધી મોજણી અને માહિતીની ત્વરિત ઉપલબ્ધિ સુનિશ્ચિત કરવા થકી, વહન અને વિતરણ ખાધમાં ઘટાડો.
- તકેદારી પ્રવૃતિઓ થકી, સુધારાત્મક પગલાંઓ વડે વહન અને વિતરણ ખાધમાં ઘટાડો.
- ગ્રાહકલક્ષી તમામ સમસ્યાઓ માટે એક જ કેન્દ્ર.
- ગ્રાહકો માટે વીજ બીલની ચુકવણીની સવલત વધારવા ધ્વારા ગ્રાહકોની બાકી પડતી રકમમાં ઘટાડો.

**૩. આયાતી પ્રૌદ્યોગિકીના કિસ્સામાં (નાણાંકીય વર્ષના આરંભથી ગણત્રી કરી, છેલ્લાં પાંચ વર્ષમાં આયાત કરવામાં આવેલ), નીચેની માહિતી રજૂ કરવામાં આવે છે: લાગુ પડતું નથી.**

બોર્ડ વતી

સહી/-

**ગુરૂપ્રસાદ મહાપાત્ર, આઇએએસ**
**અધ્યક્ષ**

તારીખ: ૧૮મી નવેમ્બર, ૨૦૧૦
સ્થળ: ગાંધીનગર

**કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઑફ ઈન્ડિયાનો તા. ૨૧ ઓકટોબર, ૨૦૧૦ ના રોજનો પત્ર ક્રમાંક સીએડી/એકાઉન્ટ્સ/યુજીવીસીએલ/૨૦૦૯-૧૦/૧૭૬૬**

કંપનીધારા, ૧૯૫૬ ની કલમ-૬૧૯ (૪)અંતર્ગત, ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, મહેસાણાના તા. ૩૧મી માર્ચ, ૨૦૧૦ ના રોજ પૂરા થતા વર્ષ માટેના હિસાબો પરની, કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઑફ ઈન્ડિયાની ટિપ્પણીઓ

કંપનીધારા, ૧૯૫૬ અંતર્ગત મુકરર કરવામાં આવેલ નાણાંકીય અહેવાલ માળખાને સુસંગત, ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના તા. ૩૧મી માર્ચ, ૨૦૧૦ ના રોજ પૂરા થતા વર્ષ માટે નાણાંકીય પત્રકો તૈયાર કરવાની જવાબદારી કંપનીના વ્યવસ્થાપકોની છે. કંપનીધારા, ૧૯૫૬ ની કલમ-૬૧૯ (૨) અંતર્ગત, કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઑફ ઈન્ડિયા ધ્વારા નિયુકત કરવામાં આવેલ અધિકૃત ઓડિટર, તેઓની વ્યાવસાયિક સંસ્થા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા ધ્વારા મુકરર કરવામાં આવેલ ચકાસણી અને બાહેંધરી વિષયક ધારાધોરણોને સુસંગત, સ્વતંત્ર ચકાસણીના આધારે, કંપનીધારા, ૧૯૫૬ ની કલમ-૨૨૭ હેઠળ આ નાણાંકીય પત્રકો અંગે અભિપ્રાય આપવા જવાબદાર છે. તેઓના તા. ૮ મી સપ્ટેમ્બર, ૨૦૧૦ ના ઓડિટ અહેવાલ ધ્વારા ઉપરોકત બાબત હાથ ધરવામાં આવી હોવાનું જણાવવામાં આવ્યું છે.

કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઑફ ઈન્ડિયા વતી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના તા. ૩૧ મી માર્ચ, ૨૦૧૦ ના રોજ પૂરા થતા વર્ષ માટેના નાણાંકીય પત્રકોની, કંપનીધારા, ૧૯૫૬ ની કલમ-૬૧૯ (૩)(બ)અંતર્ગત મેં પૂરક ચકાસણી કરેલ છે. આ પૂરક ઓડિટ અધિકૃત ઓડિટરના દસ્તાવેજોની ચકાસણી કર્યા સિવાય સ્વતંત્રપણે કરવામાં આવ્યું છે અને તે પ્રાથમિકપણે અધિકૃત ઓડિટર્સની અને કંપનીના અધિકારીઓની તપાસ અને કેટલીક હિસાબી નોંધવહીઓની પસંદગીયુકત ચકાસણી પૂરતું સીમિત છે. મારા ઓડિટના આધારે, કંપની ધારા ૧૯૫૬ ની કલમ-૬૧૯ (૪)અંતર્ગત મારા ધ્યાનમાં કોઇ મહત્વની જાણકારી મળી નથી, જેના કારણે કોઇ ટિપ્પણીને અવકાશ હોય અથવા અધિકૃત ઓડિટરના અહેવાલની પૂર્તિ કરવાની હોય.

કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઑફ ઈન્ડિયા વતી

**ડૉ. પ્રસેનજીત મુખર્જી**
પ્રિન્સિપાલ એકાઉન્ટન્ટ જનરલ

સ્થળ : અમદાવાદ
તારીખ : ૨૧ ઓકટોબર, ૨૦૧૦

**પ્રવિણ સીંઘવી,**
**બી.કોમ; એલએલ.બી; ડી.સી.એલ.એલ...એફ.સી.એ**

**પી.સીંઘવી એન્ડ એસોસિએટ્સ કંપની**
**ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ**

૨૧૦, યુનિવર્સિટી પ્લાઝા, વિજય ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ- ૩૮૦ ૦૦૯
ટેલીફેક્સ (ઓ): ૨૭૯૧૩૮૮૪; (ઘર) : ૨૬૮૫૯૫૧૩, (મો): ૯૪-૨૬૧-૭૯૬૪૩

## ઓડિટરનો અહેવાલ

સભાસદશ્રીઓ,
**ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ,**
મહેસાણા

૧. તા. ૩૧મી માર્ચ, ૨૦૧૦ ના રોજનું ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, મહેસાણાનું સંલગ્ન સરવૈયું, નફા-નુકસાન ખાતું, અને રોકડ પ્રવાહ પત્રકનું તે તારીખે પૂરા થયેલા વર્ષ માટે અમે ઓડિટ કર્યું છે, જે આ સાથે સામેલ કરેલા છે. આ નાણાંકીય પત્રકો કંપનીના વ્યવસ્થાપકોની જવાબદારી છે. અમારી જવાબદારી અમારા ઓડિટના આધારે આ નાણાંકીય પત્રકો વિષે અભિપ્રાય આપવાની છે.

૨. અમે અમારું ઓડિટ ભારતમાં સામાન્ય રીતે સ્વીકૃત ધારાધોરણો પ્રમાણે કર્યું છે. આ ધારાધોરણોની આવશ્યકતા મુજબ, અમે નાણાંકીય પત્રકો ખોટી રજૂઆતથી મુકત છે કે કેમ તેની વ્યાજબી ખાત્રી કરવા માટે ઓડિટનું આયોજન અને કાર્ય કરીએ છીએ. ઓડિટમાં નાણાંકીય નિવેદનમાંની માહિતી અને રકમ સંબંધિત પુરાવાઓને ચકાસણીના ધોરણે તપાસવાનો સમાવેશ થાય છે. ઓડિટમાં હિસાબ રાખવાના સિદ્ધાંતોનો કરવામાં આવેલ ઉપયોગ અને વ્યવસ્થાપકોએ કરેલ મહત્વના અંદાજો તેમ જ નાણાંકીય પત્રકોની સમગ્રતયા રજૂઆતનું મૂલ્યાંકન કરવાનો પણ સમાવેશ થાય છે. અમારું માનવું છે કે અમારું ઓડિટ અમારા અભિપ્રાય માટે વ્યાજબી આધાર પૂરો પાડે છે.

૩. કંપનીનું સંચાલન વીજ અધિનિયમ, ૨૦૦૩ ની જોગવાઇઓ અને તે અન્વયે જારી કરવામાં આવેલ નિયમોને વંચાણે લેતાં કરવામાં આવે છે. કંપનીધારા, ૧૯૫૬ ની કલમ-૬૧૬ (સી)માં એવી જોગવાઇ છે કે જયાં વિશેષ અધિનિયમો જેવા કે વીજ અધિનિયમની જોગવાઇઓ સાથે કંપની ધારાની જોગવાઇઓ સાથે સુસંગત ના હોય તેટલી માત્રામાં વીજ અધિનિયમની જોગવાઇઓ લાગુ થશે. આમ, કંપનીના વર્ષ ૨૦૦૯-૨૦૧૦ માટેના નાણાંકીય પત્રકોની પૂર્તતા કરવામાં આવી છે અને તેઓને રજૂ કરવામાં આવ્યાં છે.

૪. કંપનીધારા, ૧૯૫૬ની કલમ-૨૨૭ ની પેટા (કલમ-૪ અ)ના સંદર્ભે કેન્દ્ર સરકાર ધ્વારા જારી કરવામાં આવેલ કંપનીના (ઓડિટરના અહેવાલ)આદેશ, ૨૦૦૩ કંપનીના (ઓડિટરના અહેવાલ)(સુધારા), ૨૦૦૪ ધ્વારા કરવામાં આવેલ સુધારા મુજબ અમે સદર આદેશના પરિચ્છેદ-૪ અને ૫ માં નિર્દિષ્ટ બાબતો અંગેનું નિવેદન પરિશિષ્ટમાં બીડાણ કરીએ છીએ.

૫. નીચેની બાબતો પરત્વે ધ્યાન દોરવામાં આવે છે (નિર્દેશ કરવામાં આવેલ ના હોય તે સિવાય, સંદર્ભો પરિશિષ્ટ-૩૦ માં દર્શાવ્યા મુજબ હિસાબોને સંલગ્ન નોંધોને લગતા છે)

(અ) નોંધ ક્રમાંક-૨): જીયુવીએનએલ ધ્વારા તારણમાં મૂકવામાં આવેલ અસ્કયામતો.

(બ) નોંધ ક્રમાંક-૪): સ્થાવર અસ્કયામતોની અધિકૃત માલિકી (માલિકી ખત).

(ક) નોંધ ક્રમાંક-૮): સામગ્રી બાબતે દેવાદારો, લેણદારો તેમ જ ખર્ચ બાબતે લેણદારો બહાલીને આધીન.

(ડ) નોંધ ક્રમાંક-૧૪): લઘુ ઉદ્યોગ સાહસોને ચુકવણી સંબંધી જાહેરાત નહિ કરવા બાબતે.

૬. ઉપરોકત ફકરા-૪ માં નિર્દિષ્ટ પરિશિષ્ટમાં કરવામાં આવેલ ટિપ્પણી ઉપરાંત, અમે એવું નિવેદન આપીએ છીએ કે:

અ) અમોએ તમામ પ્રકારની માહિતી તથા ખુલાસાઓ મેળવ્યા છે, જે અમારી શ્રેષ્ઠ જાણકારી તથા માન્યતા મુજબ અમારા ઓડિટના હેતુસર આવશ્યક હતા.

બ) અમારા અભિપ્રાય મુજબ, હિસાબી ચોપડાઓની અમોએ કરેલી ચકાસણી પરથી જણાય છે કે કંપનીએ કાયદાને આધીન યોગ્ય એવા હિસાબી ચોપડાઓની જાળવણી કરેલી છે.

ક) આ અહેવાલમાં નિર્દિષ્ટ સરવૈયું અને નફા-નુકસાન ખાતું કંપનીના હિસાબી ચોપડાઓ સાથે સુસંગત છે.

ડ) અમારા અભિપ્રાય મુજબ, પાકું સરવૈયું તથા નફા-નુકસાન ખાતું કંપનીધારા, ૧૯૫૬ ની કલમ-૨૧૧ ની પેટા કલમ- (૩સી) માં નિર્દિષ્ટ હિસાબી ધારાધોરણો સાથે સુસંગત છે.

હ) કંપનીધારા ૧૯૫૬ની કલમ-૬૧૭ અંતર્ગત કંપની સરકારી કંપની હોઇ, કેન્દ્ર સરકારના તા. ૨૧ ઓકટોબર, ૨૦૦૩ ના જાહેરનામા ક્રમાંક જીએસઆર ૮૨૯ (ઇ)ના અનુસંધાને, કંપનીધારા, ૧૯૫૬ ની કલમ-૨૭૪ ની પેટા કલમ-(૧)ની કલમ-(જી)માં સમાવિષ્ટ જોગવાઇઓ સરકારી કંપનીને લાગુ પડતી નથી.

અગાઉ જણાવ્યા મુજબ તથા પરિશિષ્ટ-૨૯ માં નિર્દિષ્ટ મહત્વની હિસાબી નીતિઓ તેમ જ પરિશિષ્ટ-૩૦ માં નિર્દિષ્ટ હિસાબો ઉપરની નોંધો સાથે વંચાણે લેતાં, અમારા અભિપ્રાય તથા અમારી શ્રેષ્ઠ જાણકારી તથા અમોને આપવામાં આવેલા ખુલાસાઓ મુજબ, સદર હિસાબો કંપનીધારા, ૧૯૫૬ અંતર્ગત આવશ્યક પ્રકારે જરૂરી માહિતી પૂરી પાડે છે અને ભારતમાં સાધારણ રીતે સ્વીકૃત હિસાબી સિધ્ધાંતોને સુસંગત, સાચો અને વાજબી અભિપ્રાય આપે છેઃ-

અ. પાકા સરવૈયા અંગે, તા. ૩૧મી માર્ચ, ૨૦૧૦ ના રોજ, કંપનીના કામકાજની પરિસ્થિતિ બાબતે.

બ. નફા-નુકસાન ખાતા અંગે, કંપનીના તે તારીખે પૂરા થયેલ વર્ષના નફા બાબતે અને

ક. રોકડ પ્રવાહ પત્રક અંગે, તે તારીખે પૂરા થયેલ વર્ષ માટે રોકડના પ્રવાહ બાબતે.

પી. સીઘવી એન્ડ એસોસિએટ્સ વતી,
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ
એફ.આર. ક્રમાંક. ૧૧૩૬૦૨ ડબલ્યુ

સહી
(પ્રવિણ સીઘવી)
ભાગીદાર
સભ્ય ક્રમાંક ૦૭૧૬૦૮

સ્થળ : અમદાવાદ
તા. ૮મી સપ્ટેમ્બર, ૨૦૧૦

**ઓડિટરના અહેવાલનું બિડાણઃ**

(તા. ૩૧મી માર્ચ, ૨૦૧૦ એ પૂરા થતા વર્ષના ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના
હિસાબો પરના અમારા અહેવાલના ફકરા ક્રમાંક-૪ માં જણાવ્યાનુસાર)

૧. (અ) કંપનીએ સ્થાયી અસ્કયામતોની સ્થિતિ તેમ જ જથ્થાકીય વિગતો સહિતની સંપૂર્ણ વિગતોનો નિર્દેશ કરતી યોગ્ય નોંધવહી રાખેલ છે.

